# 17 ભજન કરે તે જીતે

**મકરંદ દવે**
**(જન્મ : 13-11-1922; અવસાન : 31-01-2005)**

કવિ, નવલકથાકાર, નિબંધકાર, ચરિત્રકાર અને અધ્યાત્મસાધક મકરંદ વજેશંકર દવેનો જન્મ ગોંડલમાં થયો હતો. માધ્યમિક સુધીનું શિક્ષણ ગોંડલમાં, રાજકોટ આર્ટ્સ કૉલેજમાં દાખલ થયા પછી 42ની લડત માટે ઈન્ટર આર્ટ્સથી અભ્યાસ છોડ્યો. અનેક દૈનિકપત્રો, સામયિકો સાથે તેઓ જોડાયા અને સાહિત્યિક પત્રકાર તરીકે તેમણે નોંધપાત્ર કામગીરી કરેલી છે.

સૌંદર્યપ્રીતિ, માનવહૃદયની સંવેદનાનું ઝીણું આલેખન, સૌરાષ્ટ્રની વાણીનાં ઓજ તથા માધુર્ય, કાવ્યબાનીની સુઘડતા એમના કાવ્યલેખનને આગવો મિજાજ બક્ષે છે. અધ્યાત્મ અને ધર્મના સ્તર પર રહી ભજન-ગીતોમાં એમના ઉન્મેષો પરંપરાની વાણીમાં પોતીકો અવાજ ભેળવવા મથે છે. ગૂઢ અનુભવ અને ગહન ચિંતનને કવિ રસમય અભિવ્યક્તિ આપી શકે છે.

'તરણાં', 'જયભેરી', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા', 'સંગતિ' જેવા એમના કાવ્યસંગ્રહો છે. 'ઝબૂક વીજળી ઝબૂક' તેમનો બાળકાવ્યસંગ્રહ છે તો 'શેણી વિજાણંદ' ગીતનાટિકા છે. પુરાણકથાને ગૂંથતી 'માટીનો મહેકતો સાદ' એમની નવલકથા છે. 'બે ભાઈ' બાળનાટ્યસંગ્રહો છે. 'પીડ પરાઈ'માં પ્રસંગચિત્રો છે. 'અંતર્વેદી', 'યોગપથ', 'સહજને કિનારે', 'ભાગવતી સાધના', 'ગર્ભદીપ', 'ચિરંતના' જેવા ગ્રંથોમાં એમનું ચિંતન પ્રગટ થયું છે. 'સત કેરી વાણી' એમનો સંપાદિત ભજનસંગ્રહ છે. 'ઘટને મારગે' અને 'ટારઝન જંગલનો રાજા' એમના અનુવાદો છે.

તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'નરસિંહ મહેતા ઍવોર્ડ, તેમજ 'સાહિત્ય ગૌરવ' પુરસ્કાર પ્રાપ્ત થયા છે. વલસાડ પાસેના નંદીગ્રામમાં, જીવનની પોતીકી શૈલી તેમજ ચોક્કસ ઉદ્દેશોને સાર્થક કરતી 'કૉમ્યુન લાઈફ' તેમણે વિકસાવી છે.

---

વજન કરે તે હારે રે મનવા
ભજન કરે તે જીતે.
તુલસી-દલથી તોલ કરો તો
બને પવન-પરપોટો,
અને હિમાલય મૂકો હેમનો
તો મેરુથી મોટો:
આ ભારે હળવા હરિવરને
મૂલવવો શી રીતે!
રે મનવા, ભજન કરે તે જીતે.
એક ઘડી તને માંડ મળી છે
આ જીવતરને ઘાટે,
સાચ-ખોટનાં ખાતાં પાડી
એમાં તું નહીં ખાટે:
સહેલીશ તું સાગરમોજે કે
પડ્યો રહીશ પછીતે ?
રે મનવા, ભજન કરે તે જીતે.
આવ, હવે તારા ગજ મૂકી,
વજન મૂકીને વરવાં,
નવલખ તારા નીચે બેઠો
ક્યાં ત્રાજવડે તરવા ?
ચૌદ ભુવનનો સ્વામી આવે
ચપટી ધૂળની પ્રીતે
રે મનવા, ભજન કરે તે જીતે.

**- 'સંજ્ઞા' માંથી**

## શબ્દાર્થ

**મનવા** માનવી **તુલસીદલ** તુલસીપત્ર, તુલસીનું પાંદડું **તોલ** વજન, મૂલ્ય **મેરુ** એક મોટો પર્વત **સ્હેલીશ** સફર કરીશ, ફરીશ **ખાટે** લાભ મેળવે, ફાવે **પછીત** ઘરની પાછલી ભીંત **ગજ** કાપડ માપવાની ધાતુની પટ્ટી, (અહીં) સમજ **વરવાં** નકામાં, કઢંગાં **નવલખ** નવલાખ (અહીં) અગણિત **ત્રાજવડે** ત્રાજવે

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) હરિને શી રીતે મૂલવી શકાય ?

(2) કવિ કઈ ખાતાવહી નિભાવવાની ના કહે છે?

(3) ચૌદ ભુવનનો સ્વામી શી રીતે રાજી થાય ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) 'વજન કરે તે હારે' એમ કવિ શા માટે કહે છે?

(2) પછીતે પડ્યા રહેનારને કવિ શું કહે છે?

(3) કવિ હાર-જીત કોને ગણાવે છે?

**3. મુદ્દાસર નોંધ લખો :**

(1) 'ભજન કરે ઈ જીતે ' ગીતને આધારે ભક્તિનો મહિમા વર્ણવો.

(2) 'ભજન કરે ઈ જીતે' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- આવાં બીજાં ભજનો સાંભળો.
- પ્રાર્થનાસભામાં આ ભજન રજૂ કરો.
- કોઈ પણ બે ભક્તજનોના જીવન વિશે જાણો.

## ભાષા-અભિવ્યક્તિ

અહીં તમે જોઈ શકશો કે 'વજન' અને 'ભજન' કાનોમાતર વિનાના બે શબ્દોને સામસામે મૂકીને કવિએ ચમત્કૃતિ સાધી છે. 'ભજન'માં વિશ્વાસ છે, જ્યારે 'વજન'માં અવિશ્વાસ આવું બયાન આપોઆપ થઈ જાય છે.

મનુષ્ય માટે 'મનવા' શબ્દ વપરાયો છે તે વાંચનારને સીધો જ લાગુ પડે છે, તો 'પરપોટો'-'મોટો', 'રીતે'-'જીતે' 'ઘાટે'-'ખાટે', 'વરવાં'-'તરવા' વગેરે જેવા શબ્દપ્રયોગો ગીતને પ્રાસબદ્ધ બનાવે છે - ગેય બનાવે છે.

'સાચ-ખોટના ખાતાં પાડી
એમાં તું નહીં ખાટે'

અહીં 'ખોટ', 'ખાતાં', 'ખાટે'ના 'આ'કારાન્ત-અનુપ્રાસ ધ્યાનપાત્ર છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- ભક્તિનો મહિમા સમજાવો.
- નરસિંહ, મીરાં, શબરી જેવાં ભક્તોનાં ચરિત્રો વિદ્યાર્થીઓને કહો.
- સ્થાનિક ભજનિકોની મુલાકાતો ગોઠવો.

•